દાખલ તારીખ :– ૦૩/૦૮/૨૦૨૩
નોંધ્યા તારીખ :– ૦૩/૦૮/૨૦૨૩
ફેંસલ તારીખ :– ૧૦ /૦૭ /૨૦૨૪
સમયગાળો :– વર્ષ માસ દિવસ.

**<u>કડાણાના મે.જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,મુ.દિવડાકોલોની</u>**
**<u>જી.મહીસાગર</u>**

ક્રિ.કેસ નં.૭૯૮/૨૦૨૩
આંક :–૨૦

***ફરીયાદી*** :– શ્રી સ ર કા ર.

***<u>વિ રૂ દ્ધ...</u>***

***આરોપીઓ*** :– (૧) નરસીહ નાનાભાઈ ડામોર ઉ.વ.૫૦

(૨) રાયસીગભાઈ નાનાભાઈ ડામોર ઉ.વ.૫૦

રહે.બચકરીયા, તા.કડાણા જી.મહીસાગર

**<u>ગુનો</u>:– <u>ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫મુજબ.</u>**

––––––––––––––––––––––––––––––––––––––––––

ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી.વી.આર.પંડયા
આરોપીઓ તરફે વિ.વ.શ્રી.એ.એમ.પઠાણ

––––––––––––––––––––––––––––––––––––––––––

**<u>–// ઠ રા વ //–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આરોપીઓએ તા.૧૧ –૩–૨૩ ના રોજ રાત્રીનાં કલાક,૧૦–૦૦ વાગ્યે આરોપીઓએ આ કામનાં ફરીયાદી પોતાના ખેતરમા થ્રેસર થી ઘઉ કાઢતા હોય દરમ્યાન આ કામનાં આરોપીઓ દોડી આવી તે અમારા ખેતરમાથી તારૂ ટ્રેકટર કેમ કાઢેલ છે તેમ કહી મા–બેન સમાણી ગાળો બોલતા હોય ફરીાયદીએ ગાળોદ બોલવમાની ના પાડતા બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયેલા અને જમીન પણ અમારી છે તમે અહીયા થ્રેસર થી કેમ ઘઉ ઘાઢો છો તેમ કહી ગાળો બોલતા હોય ફરીાયદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.૧ નાએ હાથમાની લાકડી મારતા ફરીયાદીના હોઠના ઉપરના ભાગે વાગતા સાધારણ ચામડી ફાટી લોહી નિકળવા લાગેલ તેમજ આરોપી નં.ર નાએ હાથમાની લાકડી ફરીયાદીને પીઠના ભાગે મુઢ માર મારી ઈજા કરી જાનથી મારી નાખાવની ધમકીઓ આપી ગુન્હો કરવામા એકબીજાને મદદગારી કરી મહે.કલ ેટર અને જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલા હોવાની ફરીયાદ ફરીયાદીએ ડીટવાસ પોલીસ મથકે આપતા પોલીસે ડીટવાસ પો.સ્ટે.બી.પાર્ટ ગુ.ર.નં.૧ ૮૭૦૦૩૨૩૦૦૩૧/૨૦૨૩ થી ગુનો રજીસ્ટર કરી ત.ક.અ.એ તપાસને અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪,તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના શીક્ષાનેપાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપી આ કોર્ટ રુબરૂ હાજર થતા તેમને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આંક–૦૬ થી તહોમતનામુ ફરમાવી આરોપીઓનુ આંક–૦૭ તથા આંક–૦૮ થી નિવેદન નોધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામા આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

(અ) **મૌખિક પુરાવા** :–

૧. આંક– ૧૩ થી ફરીયાદી જેસીગભાઈ શનાભાઈ ડામોર ની જુબાની.

(બ) **દસ્તાવેજી પુરાવા** :–

૧. આંક–૧૪ થી અસલ ફરીયાદ

૨. આંક–૧૫ થી ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ

૩. આંક–૧૬ રિકવરી પંચનામુ

૪. આંક–૧૭ એમ.એલ.સી.સર્ટીફીકેટ

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે આંક– ૧૮ થી પુરાવાબંધ પુરશીશ રજુ થતા પુરાવો બંધ કરવામાં આવેલ છે.રજુ પુરાવો જોતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું આરોપીઓનો વિશેષ જવાબ નોંધવા પુરતો પુરાવો ન હોય જે નોંધવામાં આવેલ નથી.

(૪) ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રીની દલીલો સાંભળેલ છે.

(૫) આ કામે નીર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ ની:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૧૧–૩–૨૩ ના રોજ રાત્રીનાં કલાક,૧૦–૦૦ વાગ્યે આરોપીએ ફરીયાદી પોતાના ખેતરમા થ્રેસર થી ઘઉ કાઢતા હોય દરમ્યાન આરોપીઓ દોડી આવી તે અમારા ખેતરમાથી તારૂ ટ્રેકટર કેમ કાઢેલ છે તેમ કહી મા–બેન સમાણી ગાળો બોલતા હોય ફરીયદીએ ગાળો બોલવમાની ના પાડતા બંને આરોપીઓ ઉશ્કેરાઈ

ગયેલા અને જમીન પણ અમારી છે તમે અહીયા થ્રેસર થી કેમ ઘઉ કાઢો છો તેમ કહી ગાળો બોલતા હોય ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.૧ નાએ હાથમાની લાકડી મારતા ફરીયાદીના હોઠના ઉપરના ભાગે વાગતા સાધારણ ચામડી ફાટી લોહી નિકળવા લાગેલ તેમજ આરોપી નં.૨ નાએ હાથમાની લાકડી ફરીયાદીને પીઠના ભાગે મુઢ માર મારી ઈજા કરી જાનથી મારી નાખાવની ધમકીઓ આપી ગુન્હો કરવામા એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના નીર્ણય નીચે મુજબ છે.

**૧.** નકારાત્મક.

**૨.** આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

***–// કા ર ણો //–***

***મુદ્દા નં.૧ :–***

(૭) ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નીર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે,ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. સદર કામે અતિ મહત્વના સાહેદોનો પુરાવો ધ્યાને લેવો આવશ્યક છે.

(૮) ફરીયાદપક્ષે આંક– ૧૩ થી ફરીયાદી જેસીગભાઈ શનાભાઈ ડામોર નાઓને ફરીયાદપક્ષે તપાસવામા આવેલા છે.તેઓ તેમની સોગંદ પરની સર તપાસની જુબાનીમા જણાવે છે કે,બનાવ છ સાત મહીના પહેલા બનેલો.બનાવમા થ્રેસરથી ઘઉ કાઢ

વા બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાઈ બનેલ નહી.ફરીયાદીને કોઈએ માર મારેલાનુ બનેલ નથી.બનાવ બાબતે તેમણે ફરીયાદ આપેલી જે ફરિયાદ આ કામે આંક–૧૪ થી રજુ છે તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે તમો આરોપીઓને ઓળખતા હોવાનુ જણાવી આંક–૧૪ થી ફરીયાદ રજુ થયેલ છે.

સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવા છતા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષની ઉલટ તપાસમા સદરહુ ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થતા ઘણુ બધુ ટોળુ ભેગુ થઈ ગયેલ,ધકકામુકકીમા પડી જવાથી પોતાને ઈજા થયેલી, આરોપીઓના હાથમા કોઈ હથીયાર જોયેલ નહી,ટોળામા કોણ શુ બોલ ેલ તેની પોતાને ખબર નથી,બનાવ વખતે જોશમા આવી તેમણે ફરીયાદ આપેલી અને ફરીયાદ આગેવાનોએ લખાવેલ તેમા માત્ર સહી કરેલી વધુમા,હાલમા પોતાના ગામમા સુખરૂપ રહે છે.

આમ, સદર ફરીયાદી કે જેઓ આ કામના મુખ્ય ઈજા પામનાર સાહેદ છે તેમ છતા તેઓ તેમના પોલીસ રુબરુના નીવેદન કે ફરીયાદ ની હકીકત ને સમર્થન આપેલ નથી ઉલટાનુ બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમા બનાવ વખતે માત્ર સામાન્ય બોલાચાલી થયેલાની તથા ધકકા મુકકીમા પડી જવા થી ઈજા થયેલાની હકીકત કબુલ રાખે છે. આમ સદર ફરીયાદીની જુબાની આધારે આરોપી વિરુધ્ધ નુ તહોમત પુરવાર માની શકાય તેમ નથી.

(૯) બચાવપક્ષે વિ.વ.શ્રીના શેરા આધારે આંક–૧૫ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા આંક–૧૬ થી રીકવરી પંચનામુ રજુ થયેલ છે પરંતુ, સદર પંચનામાના પં ચ સાહેદોને ફરીયાદપક્ષે તપાસેલ નથી. જેથી સદર પંચનામાઓની હકીકત પુરવાર માની

શકાય તેમ નથી તથા આ કામે આંક–૧૭ થી ઈજા પામનાર નાઓનું મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે પરંતુ તે મેડીકલ સર્ટીફીકેટના મેડીકલ સાહેદને તપાસવામા આવેલ નથી પરંતુ આ કામે મુખ્ય ઈજા પામનાર ફરીયાદી તેમની જુબાનીમા ફરીયાદ મુજબના બનાવની હકીકત ને સમર્થન આપતા ન હોઈ મેડીકલ સર્ટીફીકેટ મુજબની ઈજા હાલના આરોપીઓએ નીપજાવેલ હોય તેમ માની શકાય તેમ નથી. રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીઓને તેમના વિરૂધ્ધના તહોમતમાં તકસીરવાર ઠરાવી શકાય તેવો પુરાવો ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી.આમ આ કામે ફરીયાદ મુજબ ઈજા પામનાર ફરીયાદી પોતાની આખી જુબાનીમા ફરીયાદપક્ષના કેસની કોઈ હકીકતને કે આરોપીઓ ધ્વારા તેમને ઈજા પહોંચાડેલ હોવાની કોઈ હકીકત પોતાની કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવતા નથી. આમ રજુ રેકર્ડને આધારે ફરિયાદી તેમા જણાવ્યા મુજબ ઈજા થયેલ હોવાનુ માની લેવામા આવે તો પણ તે ઈજા હાલના આરોપીએ પહોંચાડેલ હોય તેવું ફરીયાદીની જુબાની પરથી પુરવાર થતુ નથી. વળી ફરીયાદી મુખ્ય અસરકર્તા હોવા છતાં ફરીયાદની કે ફરીયાદ પક્ષ ના કેસની હકીકત ને સમર્થન આપતા ન હોઈ આ કામે અન્ય સાહેદો તપાસવાથી કેસના આખરી પરીણામમાં કોઈ અસર પડે તેમ ન હોઈ અન્ય સાહેદો ન તપાસી ફરીયાદ પક્ષે કોર્ટ નો મુલ્યવાન સમય બચાવેલ છે તેવુ મારુ માનવુ છે.

**(૧૦)** આમ,ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરતા આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શક રીતે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોવાનું મારૂ માનવું છે જેથી મુદ્દા નં.૧ પરત્વે મારો નિર્ણય ''**નકાર**''માં આપી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**_-//હુકમ//-_**

- આ કામના આરોપીઓ (૧) નરસિહભાઈ નાનાભાઈ ડામોર (૨) રાયસીગભાઈ નાનાભાઈ ડામોર બંને રહે.બચકરીયા,તા.કડાણા જી.મહીસાગરનાઓને ક્રિ.પ્રો કોડની કલમ-૨૪૮(૧)અન્વયે ઈ.પી.કો. કલમ-૩૨૩, ૫૦૪,૫૦૬(૨) , ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાંથી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ)હેઠળ આરોપીઓને અપીલ પીરીયડ સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.
- મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ નો નિયમ મુજબ અપીલ સમય વીતે નાશ કરવો.

આ હુકમ આજરોજ તા.૧૦મી માહે જુલાઈ સને-૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(જીજ્ઞેશકુમાર ભીખાભાઈ પુરોહીત)
જયુડી.મેજી.ફ.ક.કડાણા
જજકોડ નં.જી.જે.૦૧૧૮૫

સ્થળ:-કડાણા
મું.દિવડાકોલોની